रवच्छ सर्वेक्षण २०२१
મારું રાજકોટ સ્વચ્છ રાજકોટ

## રાજકોટ મહાનગરપાલિકા
## (પ્રાણી રંજાડ અંકુશ વિભાગ)
## જાહેર નિવિદા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાંથી રખડતા ભટકતા તેમજ ટ્રાફિકને અડચણરૂપ પશુઓને પકડવાની કામગીરી કરવામાં આવે છે. આ પકડવામાં આવેલ પશુઓને રાજકોટ મહાનગરપાલિકાના ઢોર ડબ્બા ખાતે રાખવામાં આવે છે. આ પશુઓ પૈકી નધણીયાત (માલિકો દ્વારા નિયત સમયમર્યાદામાં ન છોડાવેલ) પશુઓને આજીવન નિભાવવા જે ગૌશાળા/પાંજરાપોળ તૈયાર હોય કે જે ગૌશાળા/પાંજરાપોળ સ્વિકારી શકે તેમ હોય, તે રજીસ્ટર્ડ ગૌશાળા/પાંજરાપોળ પાસેથી સહમતી મંગાવવામાં આવે છે. રજીસ્ટર્ડ ગૌશાળા/પાંજરાપોળ દ્વારા આ પશુઓ સંભાળવા માટેની સહમતી તારીખ ૦૩/૦૨/૨૦૨૨ સુધીમાં વેટરનરી ઓફિસર, પ્રાણી રંજાડ અંકુશ વિભાગ, રૂમ નં. ૯, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટને કોઈપણ માધ્યમ દ્વારા પહોંચાડવાની રહેશે. આ પશુઓને નિભાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રતિ પશુ દિઠ રૂા. ૧૫૦૦/- તથા પ્રતિ ખુટીયા/વાછરડા દિઠ રૂા. ૨૫૦૦/- ની એક વખત સહાય ચુકવવામાં આવશે. આ પશુઓને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગૌશાળા/પાંજરાપોળ ખાતે પહોંચાડવામાં આવશે. (ગૌશાળા/પાંજરાપોળ હસ્તક ઉપલબ્ધ સુવિધા તથા અંતરને ધ્યાને રાખી પશુઓ સોંપવા માટેનો હક્ક રાજકોટ મહાનગરપાલિકાનો અબાધિત રહેશે.) સહમતી/બાહેંધરીનાં નમુનાની વિગત તથા જરૂરી માહિતીની વિગત પ્રાણી રંજાડ અંકુશ વિભાગ ખાતેથી કે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ **www.rmc.gov.in** પરથી મેળવી શકાશે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

D:\Data\2021-22\Cattle Management\EOI Notice for Accept F Animals.docx
Printed by BoltPDF (c) NCH Software. Free for non-commercial use only.